જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૧/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૩૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી ૪૫ વ્યક્તિઓને ઝડપી ૨૬૨ લીટર દેશી દારૂ, ૧૬૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૧૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૪૧,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૬/૧૫**

**નિકોલ :** ભુપેન્દ્રભાઇ જગદીશભાઇ ઠાકોર (ઉ.વ.૩૫)(રહે.ભુવાલડી ગામ પરામાં, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૧/૧૫ સવારનાં ૯/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સિંગરવા ભુવાલડી રોડ ઉપર આવેલ ગ્રીડ ટ્રાન્સફોર્મર ૧૪૩ ના એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસેનાં રોડ નજીક આવેલ ચોકડીમાં એક અજાણ્યો પુરૂષ (૩૫ વર્ષના આશરાનો)(જેણે શરીરે કાળા રંગનો આખી બાયનો શર્ટ અને વાદળી રંગનું પેન્ટ પહેર્યુ છે) ને કોઇ અજાણ્યા ઇસમે માથાના ભાગે અને કપાળમાં તીક્ષ્ણ હથીયારથી ઇજાઓ કરી, તેનું મૃત્યુ નિપજાવ્યુ છે. જેની લાશ બીનવારસી હાલતમાં નિકોલ પોલીસને મળી આવતાં, અજાણ્યા ઇસમ વિરૂધ્ધ ગુનો નોંધી, આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જે.ચૌધરી ચલાવે છે.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૩૩૭/૧૫**

**વેજલપુર :** રિન્કુબહેન ગુણવંતભાઇ વાંઝા (ઉ.વ.૧૫)(રહે.ગોકુલધામ એપાર્ટમેન્ટ, વેજલપુર) ને તા.૧૫/૧૧/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી મેહુલ ઉર્ફે બાલો બબનભાઇ લાડ ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ગુણવંતભાઇ વાંઝાએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૩૮/૧૫**

**સોલા હાઇકોર્ટ :** શૈલેષભાઇ ભોગીલાલ પટેલ (ઉ.વ.૪૦) (રહે.જયઅંબે પ્રોવીઝન સ્ટોર્સ, પંચવટી રેસીડન્સી, રામબાગ ઔડાના મકાન પાસે, ચાંદલોડીયા) એ તા.૧૭/૧૧/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૧/૧૫ થી તા.૫/૧૧/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) મોહન (જેનાં પુરા નામ સરનામાની ખબર નથી) તથા (૨) એક અજાણ્યો પુરૂષ અને સ્ત્રીએ ભેગામળી શૈલેષભાઇની ચાંદલોડીયા ખાતે આવેલ દુકાને આવી "ખોદકામ કરતાં સોનાનો હાર મળેલ છે અને તે પાંચ લાખનો છે, અમારે પૈસાની જરૂર છે અને તમે દોઢ લાખ આપશો તો અમો તમને હાર આપી દઇશુ" તેમ કહી વિશ્વાસમાં લઇ, નકલી સોનાનો હાર આપી, શૈલેષભાઇ પાસેથી ૧,૫૦,૦૦૦/- મેળવી લઇ, શૈલેષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૩૯/૧૫**

**ઘાટલોડીયા :** રૂપાબહેન પરેશભાઇ દવે (ઉ.વ.૪૮)(રહે.નવેન્દુ સોસાયટી, મેમનગર તળાવ પાસે, ઘાટલોડીયા) એ તા.૧૭/૧૧/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૧૫ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે એક અજાણ્યો ઇસમ તીજોરીનાં તાળાની ચાવી બનાવવા આવી, રૂપાબહેનની નજર ચુકવી તીજોરીનું લોકર ખોલી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૨૧,૦૦૦/- મતાની ચોરી કરી પલાયન થઇ ગયો હતો. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૦/૧૫**

**આનંદનગર :** જીગરભાઇ લાલચંદભાઇ શાહ (રહે.પ્રેરણાતીર્થ બંગ્લોઝ, વિભાગ-૨, જોધપુર સેટેલાઇટ) એ તા.૪/૧૦/૧૫ રાતના ૧૧/૦૦ વાગે પોતાના ઘર નજીક પોતાની વોક્સ વેગન વેંટો કાર નંબર જીજે.૦૧.આર.બી.૪૪૦ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૫/૧૦/૧૫ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જીગરભાઇ શાહે તા.૧૭/૧૧/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એ.પારગી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૧/૧૫**

**રીવરફ્રન્ટ વેસ્ટ :** યશ ભરતભાઇ વાઘેલા (ઉ.વ.૧૮)(રહે.સંતપાઇપની ચાલી, અનિલ સ્ટાર્ચ રોડ, સરસપુર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૭/૧૧/૧૫ સાંજના ૪/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીમાં પડતુ મુકી, ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ(વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બાપુનગર : (૧)** મુળજીભાઇ રામાજી ઠાકોર (ઉ.વ.૪૮)(રહે.મ્યુ.ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભગવતી હોલનાં ખાંચામાં, બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૬/૧૧/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને શારદાબહેનન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૭/૧૧/૧૫ ના કલાક ૩/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

**બાપુનગર : (૧)** જ્યોતીબહેન જગદિશભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે.શુભલક્ષ્મી ફ્લેટ, દવાખાના પાસે, બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૭/૧૧/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જતાં તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઇ જીવાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)